શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની

પુસ્તક : ૬૮ :પર્યુષણા વિશેષ: સપ્ટેમ્બર : ૨૦૦૮
ભાદ્રપદ : વીર સં.૨૫૩૫ : વિ. સં. ૨૦૬૫

# પાઠશાળા

આર્યા બ્રાહ્મી અને સુંદરી વન-વનમાં મહામુનિને ખોળી વળ્યા પરંતુ વેલડીઓથી વીંટાઈ ગયેલા, વૃક્ષ જેવા થઈ રહેલા એ મહાત્મા કોઈ પ્રકારે પહેલા તો ઓળખાયા નહીં; પછી નિપુણતાથી જાણી પિતાશ્રી ઋષભદેવનો સંદેશો આપે છે : *હસ્તીના સ્કંધ પર આરૂઢ થયેલાને કેવળજ્ઞાન થતું નથી.*



## કારણ નહીં પરિણામ જુઓ

ચિત્ર સૌજન્ય : "શ્રીમદ્ દેવચંદ્રસૂરિ કૃત ચોવીસી"



બન્ને ઋષભપુત્રો, ભરત-બાહુબલી વચ્ચે દ્વંદ્વયુદ્ધ, દૃષ્ટિયુદ્ધ, વાગ્યયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ

# કારણ નહીં પરિણામ જુઓ



કેવળજ્ઞાન અને કેવળદર્શન
જેમને ઉત્પન્ન થયું છે એવા
સૌમ્ય દર્શનવાળા મહાત્મા બાહુબલીજી

સામાન્ય રીતે આપણને ક્રોધ આવે છે ત્યારે આપણી સામે કારણ હોય છે. આ કારણ સત્ય પણ હોય છે. આટલું વિચારી હવે આપણે એક ડગલું આગળ જવું છે, જોવું છે :

આપણું ધાર્યું ન કર્યું ત્યારે કારણ જોયું. અહં ઘવાયું. કહો કે હું પદ ઘવાયું અને ક્રોધ આવ્યો. આપણું કહ્યું ન માન્યું એટલે ગુસ્સો આવ્યો. વાસ્તવમાં આપણે પક્ષે ગુસ્સો ત્યારે જ આવે છે જયારે આપણે આપણાં મન પરનો કાબૂ ગુમાવીએ છીએ. ક્રોધને વશ થયા તો ભલભલા બાહોશ પણ બેહોશ થયા છે !

પછી શું બોલાય છે, કઈ ભાષા બોલાય છે તેની સાનભાન રહેતી નથી.

જો શાંત પળોમાં એ ક્રોધના પરિણામ વિશે વિચારી લઈએ -બરાબર વિચારીએ તો ક્રોધનું આવવું ઘટી શકે છે. કારણ તો પ્રકટ હોય છે તે નજીક હોય છે કહો કે સ્થૂલ હોય છે. પરિણામ ગમે તે આવી શકે. સારું જ આવે તે અટકળ છે, નિશ્ચય નથી. પરિણામ પ્રીતિનાશનું તો આવે જ આવે. એ પરિણામ અપેક્ષિત નથી. જે વ્યક્તિ ઉપર ગુસ્સો કર્યો હોય તે આપણાથી સાવધ રહેશે. સહકાર ઉમળકાથી નહીં આપે પણ અંતરંગ પ્રીતિનો ઘટાડો નોંધ લેવાય તેવો થશે.

જે પરિણામ પરવડે નહીં તેવું આવે જેઓ જૈન કથાઓથી પરિચિત હશે તેમને ગુણસેન-અગ્નિશર્માની કથા, ભરત ચક્રવર્તીની કથા, શ્રમણ મહાવીર અને ચંડકૌશિક વિષધરની કથા સાંભળી હશે, જાણી હશે; તેમાં કારણ હતું, ચોક્કસ હતું. પણ પરિણામ કેવું આવ્યું. ગુણસેન રાજા કે કુલપતિજીને જો પરિણામ જાણમાં આવે તો તેઓ સામેથી આવા ક્રોધને ન થાવે દે.

આપણે થોડો વિચાર કરીએ. પરિણામને પરિણામલક્ષી પ્રવૃત્તિ બનાવીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

# આચાર્યશ્રી વાદી દેવસૂરીશ્વરજી મહારાજ

વિક્રમના બારમા સૈકામાં જૈન સંઘમાં ચમકતું નામ શ્રી દેવસૂરીશ્વરજી મહારાજનું હતું. તેઓશ્રી રાજસ્થાનના પ્રવેશદ્વાર રૂપ મંડાર ગામના હતા. આવા દિવ્ય પુરુષની સ્તુતિ-પ્રણામ આપણાં કર્મ નિર્જરાનું કારણ બની શકે. તામનાં ગુરુ મહાન્ હતા પણ એક ખૂણે બેસી હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથો ઉપર વિવરણ લખતા હતા. તેઓશ્રીનું નામ જૈન સાહિત્યના ઈતિહાસમાં મળે પણ તેઓ ઓળખાય આચાર્યશ્રી દેવસૂરિ મહારાજના ગુરુ તરીકે. પુ

વાદી દેવસૂરિ મહારાજના જીવન પ્રસંગો મેં જ્યારથી સાંભળ્યા ત્યારથી તેમના વ્યક્તિત્વનું આકર્ષણ રહ્યું છે. કેટલાક પ્રસંગો આ રીતના છે :

**પ્રસંગ ૧.** સૌમ્ય સ્વભાવના વાદી દેવસૂરિ મહારાજને જિંદગીમાં ક્રોધ માત્ર ને માત્ર એક જ વાર એક જ વાર આવ્યો હતો !

તે સમયે સૂરિવર અણહિલપુર પાટણમાં વિરાજમાન હતા. રાજા સિદ્ધરાજજયસિંહનું રાજ્ય પ્રવર્તમાન હતું. દિગંબર સાધુ વાદી કુમુદચન્દ્રના મનમાં વાદ કરવાની તીવ્ર ઈચ્છા રહ્યા કરતી. પરંતુ સામાન્ય સંજોગો વાદ કરવા માટે અનુકૂળ ન બન્યા ત્યારે તેમણે એક કારગત ઉપાય અજમાવ્યો.

રાત્રીનો છેલ્લો પ્રહર થયો હતો. તેમણે પોતાના માણસોને રાજમાર્ગ પર બે બાજુએ ચાર-ચાર માણસોને ઊભા રાખ્યા. એવા સમયે એક ઘરડા સાધ્વીજી સ્થંડિલભૂમિ જઈને પાછા ફરી રહ્યા હતા ત્યારે આ માણસોએ તેમને રસ્તા વચ્ચે આંતર્યા. તેમની તરપણી બાજુએ રખાવીને ખભે દાંડો ભરાવી અને ફરજ પાડી નૃત્ય કરાવ્યું ! આમ દશેક મિનિટ ચાલ્યું.

ભયથી અવાક્ બનેલા સાધ્વીજી સીધા જ વાદી દેવસૂરિ મહારાજની વસતીમાં પહોંચ્યા. હજુ તો ભડભાંખડું માંડ થવા આવ્યું હતું ને આ સાધ્વીજી બ્રહ્મચારીની વસતિમાં ? સહુને પ્રશ્ન થયો. સાધ્વીજીએ પોતાને થયેલી હાલાકી કંપતા સ્વરે કહી. રસ્તા વચ્ચે આંતરીને દિગંબર પરંપરાના કુમુદચન્દ્રવાદીના માણસોએ બળજબરી કરી નૃત્ય કરાવ્યું તે જીભ કચરીને કહ્યું.

બસ ! એ સાંભળીને બધા તમતમી ઊઠ્યા. દેવસૂરિ મહારાજને જીવનમાં પહેલીવાર કે છેલ્લીવાર ક્રોધ આવ્યો ! આ કુમુદચન્દ્ર આટલી હદે ઊતરી આવશે તે કલ્પના ન હતી. મનોમન તૈયારી કરીને તેમણે શ્રીપાળ નામના કવિ, ચક્રવર્તિ એવા

બિરૂદધારી શ્રાવકને બોલાવ્યા. વાદ માટે અમે તૈયાર છીએ એવું રાજા સિદ્ધરાજને કહેવરાવ્યું. પછી વાદ થયો. વાદમાં જીત્યાં પણ ખરાં. આ બધામાં ભરચક્ક સત્ત્વ ફોરવ્યું. અંતરંગ સંયમબળ પણ ખપમાં આવ્યું.

શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે આ બધું નજરમાં રાખી ઉચિત શબ્દોમાં સ્તુતિ કરી છે.

**यदि नाम कुमुदचन्द्रं, ना जेष्यद्देवसूरिरहिमरुचिः।**

**कटि परिधानम धाष्यत, कतमः श्वेतांबरो जगति॥** (आर्या)

અર્થ : પ્રશમરસ પરિપૂર્ણ દેવસૂરિ મહારાજે વાદી કુમુદચન્દ્રને જીત્યા ન હોત તો આ દુનિયામાં શ્વેતાંબરો કેડનું વસ્ત્ર ક્યાંથી પરિધાન કરી શકય ?

વાત એવી છે કે વાદ કરતાં પહેલાં જે પણ (શરત) કરવાની હતી તે એમ હતી કે આ દિગંબર અને શ્વેતાંબરનો વાદ છે. જો દિગંબર હારે તો ગુજરાત છોડી જવું અને શ્વેતાંબરો હારે તો બધાં શ્વેતાંબરોએ દિગંબર બની જવું. આવી કપરી શરત દેવસૂરિ મહારાજ જીત્યાં. તેમના આત્મવિશ્વાસ અને તેમની ઠોસ વિદ્વતાથી તેઓ કુમુદચન્દ્રને પરાસ્ત કરી શક્યા. કુમુદચન્દ્રે તો લાંચ રુશ્વતનો રસ્તો લીધેલો. વળી વિદ્વત્તામાં ઊંડાણ ઓછું તેથી તેઓ લાંબુ ટકી શક્યા નહીં.

મુદ્રિત કુમુદચન્દ્ર પ્રકરણ નામના નાટકમાં આ પ્રસંગનું હૂબહુ વર્ણન મળે છે.

**પ્રસંગ ૨.** એકવાર વાદી દેવસૂરિ મહારાજનો થરાદથી આગળના ગામ તરફનો વિહાર હતો. વીસેક ઠાણા સાથેનો વિશાળ સમુદાય હતો. આગળનું ગામ હજુ એકાદ ગાઉ દૂર હતું. જંગલનો વેરાન અને સુમસામ રસ્તો હતો. અચાનક સામેથી એક સિંહ આવતો જોયો !

જે રસ્તેથી ગામમાં પ્રવેશવાનું હતું એ જ રસ્તે સિંહ સામો આવતો હતો. સૂરિવર શાંત મુદ્રામાં આગળ વધી રહ્યા હતા. હવે શું થશે ? ગામ આખું એક આંખે અને એક કાને અદ્ધર શ્વાસ થઈ એ રસ્તે તાકી રહ્યું હતું. શું સાધુવૃન્દ આ તરફ ખેતરમાં ફંટાઈ જશે ? શું થશે ? શું થશે ? સિંહ જેમ જેમ નજીક આવતો ગયો તેમ ગામલોકના ભયત્રસ્ત અવાજો અને ચીચીયારી વધવા લાગ્યા.

અભય એવા શ્રી દેવસૂરિ મહારાજે ન તો રસ્તો બદલ્યો ન તો ભયભીત થયા. અવિચલિત સ્થિર ગતિથી એ જ રસ્તે નિર્ભયતાપૂર્વક આગળ ચાલ્યા. સિંહ નજીક આવ્યો. મહારાજના ચરણોમાં ત્રણવાર મસ્તક નમાવી, જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે ચાલી ગયો અને જંગલમાં ઓગળી ગયો !

ગામલોકોના બૂમબરાડા અને ચીસોના શોરબકોર સૂરિવર સુધી પહોંચે એ પહેલાં એ બધા શબ્દો વેરાઈ ગયા અને 'ધન્ય ધન્ય' એવા શબ્દોથી ગગન ગાજી ઊઠ્યું.

આ ઘટના બની વિ.સં.૧૧૯૫માં. આ ઘટનાથી પ્રભાવિત થયેલા લોકોએ એ ગામને 'ભયરોલ' તરીકે ઓળખ આપી જે અપભ્રંશ થઈ આજનું ભારોલ બન્યું. અમારા વિહાર દરમિયાન અમે એ ગામ જઈ આવ્યા છીએ. હવેના દિવસોમાં ત્યાં સિંહ આવ્યો હોય એવું જાણ્યું નથી.



સંયમ નિર્ભય બનાવે છે એ આ દાખલાથી સહજ સમજાય છે.

**પ્રસંગ ૩.** આ વાત વિ.સં.૧૧૭૭ આસપાસની છે. ચૈત્ર વદિના દિવસોમાં સૂરિવર મેડતા સંઘની આગ્રહભરી વિનંતીથી એ તરફ વિહાર કરતાં આબુની યાત્રાએ જઈ રહ્યા હતા. આબુનો પહાડ ચડતાં પગમાં કાંટો વાગ્યો. એ કાઢવા નીચે બેઠાં. અચાનક કોઈ ગેબી અવાજ સંભળાયો. અંબિકાદેવીએ ત્યાં આવીને કહ્યું કે આ ચોમાસામાં તમારા ગુરુ મહારાજ કાળધર્મ પામવાના છે અને તમે મારવાડ ભણી જાઓ છો. જે ક્ષણે દેવીની આ વાત સાંભળી તે જ ક્ષણે તેઓ આબુ પહાડ નીચે પધાર્યા. ગુરુ શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ (જેઓ ડભોઈના વતની હતા) જેઓએ આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજના એકાધિક ગ્રંથો ઉપર વિવરણ લખ્યા છે; વળી જેઓએ જિંદગીભર ભાતનું-ચોખાનું-ઓસામણ જ વાપર્યું, એમનું ચોમાસુ અણહિલપુર પાટણ હતું.

ગુરુ મહારાજની નિશ્રામાં ચોમાસુ વીતી રહ્યું હતું. ગુરુ મહારાજના શરીરમાં શ્વાસ-કાશ વગેરે આઠ રોગ ઘર કરીને બેઠાં હતાં છતાં એકઠાં થયેલા શ્રી સંઘને નવકારમંત્ર સ્વયં ઉચ્ચારીને સંભળાવતાં ! એ છેલ્લી ક્ષણ સુધી ચાલતું રહ્યું. આસો વદિ આઠમના દિવસે એમને નવકાર સંભળાવવો પડે એવી દશામાં પણ પોતે શુદ્ધ સ્વરે નવકાર સંભળાવતા હતા ત્યારે આઠમે નવકારે છેલ્લો શ્વાસ લીધો અને મૂક્યો.

ગુરુદેવની સ્મૃતિમાં શ્રી દેવસૂરીશ્વરજી મહારાજે બેંતાલીસ કડીનું વિરહકાવ્ય રચ્યું. એ ઉપરાંત અપભ્રંશમાં પણ પચીસ કડીનું કાવ્ય પણ રચ્યું. એમનું અંતર કેવું નિર્મળ હશે ! પુણ્યોદય કેવો ઉત્કૃષ્ટ હશે કે દેવોને પણ સહાય કરવાનું મન થાય !

તેમણે રચેલા પ્રાચીન ન્યાય ઉપરના ગ્રંથો ઉલ્લેખનીય છે. તેમાં પણ સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ તો વિદ્વાનોમાં પણ ખૂબ જાણીતો છે.

આવા આવા પ્રશમના ઉપાસક, વિદ્યાના સાધક સૂરિવરોથી એ શ્રમણવંશવૃક્ષ શોભીતું છે.





# તું પ્યાસ પેદા કર

એક વ્યક્તિ મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં જાય છે. મોટા મોટા રૅકમાંથી ઘણી વસ્તુઓ પસંદ કરી એ જુદી તારવી. તેની કુલ કિંમત એ દુકાનદારે ગણી બતાવી એ વ્યક્તિના હાથમાં લાંબી ચબરખી આપી. સરવાળો જોયો. એટલી કિંમત ભરપાઈ કરવાની ત્રેવડ ન હતી. આ બધી ચીજ-વસ્તુઓ ખરીદવી હોય તો પાસે મોટી રકમ હોવી જોઈએ. દુકાનદારને પૈસા ચૂકવવા પડે. તો જ એ વ્યક્તિને એણે પસંદ કરેલી બધી ચીજ-વસ્તુ મળે.

આ જે ભૌતિક સ્તરે, સ્થૂળ લેવલે સહેજે સમજાય છે. બસ, એ જ રીતે ઉત્તમ પુરુષોએ કહેલી ઉત્તમ વાતોને ઝીલવા માટે બૌદ્ધિક સ્તરે પણ ક્ષમતા જોઈએ. ઊંચી વાતને સમજવા માટે ઊંચી સમજ શક્તિ પણ જરૂરી છે. એવી ભૂમિકા, એવી પાત્રતા હોય તો એવું મળે પણ ખરું.

ઘણા લોકોની ફરિયાદ હોય છે કે અમારે આત્માની વાત જાણવી છે પરંતુ એ સમજાવે એવું કોઈ મળતું નથી. ખરેખર તો એવું સાવ નથી. તમારી જિજ્ઞાસા જેટલી તીવ્ર હોય તે પ્રમાણમાં ઊંચી વાત પણ તમને સાંભળવા મળે, સમજાવનાર મળે. આપણા પક્ષે માત્ર જરૂર છે એવી યોગ્યતા સંપાદન કરવાની. ગુજરાતી ભાષામાં એક સરળ શે'ર આ વાત સમજાવી શકે તેવો સબળ છે :

*"પરબ બંધાવશે લોકો, તું પ્યાસ પેદા કર;*
*પછી જોજે અહીં કેવા, છલકાતાં જામ આવે છે !"*

તું તરસને તીવ્ર બનાવ તો આપોઆપ પરબ બંધાવનારા લોકો નીકળશે.
એ તરસના બળે અહીં છલકાતાં જામના જામ આવતા દેખાશે.

– પ્રદ્યુમ્નસૂરિ

# સુભાષિતમ્

**धन्यानां गिरि कन्दरे निवसतां ज्योतिःपरं ध्यायतां**
**आनन्दाश्रुजलं पिबन्ति शकुना निःशंकमङ्केशयाः।**
**अस्माकं तु मनोरथो परचित प्रासाद वापी तट-**
**क्रीडा कानन केलिकौतुकजुषामायुःपरं क्षीयते॥**

-- ભર્તૃહરિ

**પદ્યાનુવાદ :**

**જ્યોતિ આંતર શોધવા ગિરિતટે ધ્યાનસ્થ કો યોગીના**
**હર્ષાશ્રુ ઝીલી પાન પંખી કરતાં નિઃશંક અંકે ઠરી**
**મેલ્હાતે મન કામના જલતટે કિંતુ અમારી રહી**
**ક્રીડા કેલિ જ માણીએ પણ અહા ! આ ક્ષીણ આયુ થતું !**

-- કુલિનચન્દ્ર યાજ્ઞિક

**મહાયોગી ભર્તૃહરિના આ મનોરથ છે. પરમજ્યોતિનું ધ્યાન કરનારાં યોગીને ધન્ય છે જેઓ ગિરિવનવાસી થઈને આંતરજ્યોતિમાં એવા લીન થાય છે કે તેના દર્શનથી જે આનંદ ઉભરાય છે તે હર્ષાશ્રુરૂપે બહાર આવ્યો તે હરખના આંસુને પંખીઓ યોગીના ખોળામાં બેસી એનું પાન કરી રહ્યા છે; અને અમે મોટી મહેલાતો બનાવી તેમાં વાવડી બનાવવી તેના પાણીમાં ક્રીડા કરવી, આવી ઈચ્છામાં અને આવા મનોરથોમાં અમારી આવરદા પૂરી થતી ચાલી.** પ

**વર્ષ ૧૨ : અંક ૧ : *'પાઠશાળા'*** દ્વિમાસિક **(ત્રણ વર્ષના રૂ. ૩૦૦/-)** વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરવો.
સંદીપભાઈ શાહ, ૪૦૨-જય એપાર્ટમેન્ટ;૨૯-વસંતકુંજ સોસાયટી;શારદા મંદિર રોડ; પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ ફોનઃ ૨૬૬૩૪૦૩૭
જિતુભાઈ કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, સત્તર તાલુકા સો., ૧૨, લાભ કૉમ્પ્લેક્ષ, પોસ્ટ : નવજીવન, અમદાવાદ - ૩૮૦૦૧૪
ચિમનભાઈ દોશી, કાનમુર હાઉસ, ૨૮૧/૮૭, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર - મુંબઈ ફોનઃ ૨૫૦૬૫૯૯૮
વિજય દોશી, સી-૬૦૨, દત્તાણી નગર, બિલ્ડીંગ નં.૩, વિવેકાનંદ માર્ગ, બોરીવલી(પશ્ચિમ),મુંબઈ-૯૨ - ફોનઃ ૯૩૨૦૪ ૭૫૨૨૨
શરદભાઈ શાહ, વી.ટી. ઍપાર્ટમેન્ટ, કાળા નાળા, ભાવનગર - ૩૬૪ ૦૦૧ ફોનઃ ૨૪૨૬૭૯૭
પ્રદીપભાઈ શાહ ૧૪, સરોજ એપાર્ટમેન્ટ, ૭૯, દહાણુકરવાડી, કાંદીવલી(પશ્ચિમ), મુંબઈ-૬૭ - ફોનઃ૨૯૬૭૨૫૨૦
મુકુન્દભાઈ શાહ ૫૦૫/૫૦૬, 'બી' વીંગ, કૈલાસ, શ્રેયસ સિનેમા સામે, એલબીએસ માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ-૮૬
ફોનઃ ૨૫૦૦૮૦૯૬, ૨૫૦૦૫૯૪૯, ૯૩૨૪૦૬૫૬૨૧
(અંક ન મળ્યાની જાણ અમને અહીં સુરતના સરનામે કરવાથી ખૂટતા અંક અવશ્ય મોકલી અપાશે.)
**email : ramesh_pathshala@yahoo.com**
**'પાઠશાળા'ના અંકો એક સાથે ઈન્ટરનેટ rameshshah.wordpress.com પરથી વાંચવા તથા પ્રિન્ટ કાઢવા મેળવી શકાશે; અત્યારે અંક ૪૧ થી અંક ૬૫ સુધીના ઉપલબ્ધ છે**

# કોઈ કહેતું નથી



મનોજ ખંડેરિયા

જન્મ : ૦૬-૦૭-૧૯૪૭ મૃત્યુ : ૨૭-૧૦-૨૦૦૩

લાલઘૂમ તાપમાં મ્હોરતો મસ્તીનો
તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક
ગુલમહોર યે ક્યાં ગયો કોઈ કહેતું નથી ૧

પૂછું છું બારને - બારીને - ભીંતને -
લાલ નળિયા - છજાં - ને વળી ગોખને
રાત 'દિ ટોડલે બેસીને ગહેકતો
મોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી ૨

કૈં જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ થી
જર ઝવેરાત સહુ એમનું એમ છે !
તે છતાં લાગતું સઘળું લૂંટી અને
ચોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી ૩

સાવ સૂની બપોરે ઘડી આવીને
એક ટહુકો કરી, ફળિયું ભરચક
ભરીઆંખમાં આંસુ આંજી અચાનક
શકરખોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી ૪

કેટલાં વર્ષોથી સાવ કોરા પડ્યાં
ઘરના નેવાં ચૂવાનું ય ભૂલી ગયાં
ટપકતો ખાલીપો પૂછતો : મેઘ
૫ ઘનઘોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી

જિંદગીના રૂપાળા ચહેરા ઉપર
ઉઝરડા ઉઝરડા સેંકડો ઉઝરડા
કોણ છાના પગે આવી મારી ગયું
૬ ન્હોર, તે ક્યાં ગયો કોઈ કહેતું નથી

પાછલી રાતની ખટઘડીએ હજી
એ તળેટી ને એ દામોદર કુંડ પણ
ઝૂલણા છંદમાં નિત પલળતો
૭ પ્રથમ પ્હોર, તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.

ગગન ગિલની એક હિંદી કવિતા વાંચી ત્યારે એમાં મનોજભાઈની કવિતાનો જ પડઘો સંભળાયો ! ગિલની કવિતા આમ હતી :

शहर लौटते हुऐ, उसने सोचा
और चाहे सब बदल गया हो।
गली के किनारे का गुलमहोर
जरूर वैसा ही होगा...
पहुंच कर देखा,
सिर्फ पेड बीत चूका था।।

આ નાનકડી કવિતામાં પણ ગુમ થયેલા ગુલમહોરની વાત આવી.

વિ.સં૨૦૪૫ના ફાગણમાં અમે જૂનાગઢ ગયા હતા ત્યારે મનોજભાઈ મળ્યા હતા. 'છેલ્લું શું રચાયું છે ?' એવા અમારા પ્રશ્નના ઉત્તરમાં એમણે પાઉચમાંથી એક કાગળ આપ્યો, કહ્યું : 'હમણાં ઝૂલણા છંદમાં એક ગઝલ લખી છે.' પછી તે સંવેદનાનું બીજ ક્યાંથી કોળ્યું તે પણ વર્ણવ્યું.

પોતાના જીગરી મિત્રની માંદગી વખતે મહિનો-માસ અમદાવાદ રહેવાનું થયું. ત્યાંથી પાછો આવીને ઑફિસ જવા નીકળ્યો. કાયમી ટેવ મુજબ હંમેશા જેની સાથે આંખ મળતી તે ગુલમહોરને આંખ શોધવા લાગી. સાઈકલને બ્રેક મારી નીચે ઉતરી પાનનાં ગલ્લાવાળાને પૂછ્યું; બાજુના સાઈકલરિપેરરને પણ પૂછ્યું. કોઈને કાંઈ રસ ન હોય તેવા ઉદાસીન ઉત્તર મળ્યા.હૃદયમાં નિરાશા ફરી વળી. મન વિશાદની ખારાશથી ભરાઈ આવ્યું. ઑફિસમાં આવ્યો. ક્યાંય મન લાગે નહીં. પ્યૂન આવીને ટપાલનો થોકડો આપી ગયો; કશામાં મન ન લાગ્યું.

એ પીડામાંથી, પીડા જનિત કરૂણામાંથી આ પહેલી કડી આવી. માનીતો ઝૂલણા છંદ મદદે આવ્યો. એક કડીની મદદે બીજી કડી રચાઈ. કડીઓ રચાતી રહી અને એમ આ પૂરી ગઝલ થીજેલી પીડા જેવી કાગળ પર ઊતરી. જેમ જેમ પંક્તિ લખાતી ગઈ તેમ તેમ મન હળવું થતું ગયું.

કવિના કોઈ પણ સર્જન માટે, એના બીજ સ્વરૂપે કાં પીડા, કાં કરૂણા, કાં આનંદ હોય છે.

આ કાવ્યમાં સાત કડી છે. છેલ્લી કડીમાં ઝૂલણા છંદનો ઉલ્લેખ છે. દરેક કડીમાં મહોર, મોર, ચોર, શક્કરખોર, ઘનઘોર, નહોર ,પ્હોર એમ પ્રાસ સાચવ્યા છે. વળી નરસિંહની ભૂમિમાં જનમ અને ગઝલ મળવાને પરિણામે પોતાને ધન્ય સમજતા કવિ મનોજભાઈ 'ગિરિ તળેટી ને કુંડ દામોદર' પણ છેલ્લી કડીમાં લાવ્યા છે.



# સત્સંગ-વિવેક-સંયમ-સૌંદર્ય

વિગતમાં ઉતરીએ નહીં તો પણ આ શબ્દો સારા લાગે છે.

આ શબ્દો સારા છે માટે જ અહીં ગોઠવવામાં આવ્યા છે તેવું નથી.

આ શબ્દોમાં મનુષ્યના ઉત્તમ જીવનનો માપદંડ છૂપાયો છે તે આપણે શોધવાનો છે, જોડવાનો છે અને શબ્દકોશના આ શબ્દોને આપણાં બનાવવાના છે.

આ પહેલાંના ભવોનું જ માત્ર પુનરાવર્તન માટે અહીં રહેવાનું નથી. અહીં તો પ્રતિક્ષણ જીવનના લહાવા લેવાના છે જે ઊંચા માણસોએ આપણા માટે ચારેકોર સીડી, દાદરા, હળવા-ભારે પગથિયા વાળા દાદર મૂકાયા છે તે પર ચઢી ઊંચા પ્રદેશનું ઉર્ધ્વારોહણ કરવાનું છે. દ્વંદ્વાતીત બનીને ઉપર જ મળતી ચોક્ખી હવા ફેફસામાં ભરવાની છે. ત્યાંથી દેખાતાં હરિયાળા મેદાનો લયબદ્ધ ગોઠવાયેલી માનવ વસાહત જોવાની છે. વળગાડ જેવા આ સંસારના કાદવના વળગણથી છૂટવાનું છે.

આવી સ્થિતિને જેઓ પામ્યા છે તેની સોબત કરવી, તેવા ઉત્તમ માનવોને મળવું. જેઓ એવી ઉત્તમ સ્થિતિમાં જ સદા રહે છે તે પ્રકૃતિનું સાંનિધ્ય માણવું. એવી ઉત્તમ હૃદયવીણામાંથી પ્રગટેલું આપણી હૃદયવીણાના તારને ઝંકૃત કરતું નાદ માધુર્યથી ઝરતું પરાવાણીનું સંગીત સાંભળવું.

એ જ્યારે હૃદયમાં પૂર્ણપણે છવાય છે ત્યારે અંદરનું અંધારું વેરાવા લાગે છે, વિખરાવા લાગે છે અને એની ઓથે હતો તે વિવેકનો દીવો શ્રઝળહળતો દીવો પ્રકાશ પાથરવા લાગે છે તેના અજવાળામાં દેખાય કે આ કરવું ઠીક છે; આ કરવું ઠીક નથી. આ કરવું હિતાવહ છે. આમાં સરવાળે મારું ઘણું અહિત છે.

આવું બોલાય, આવું ન બોલાય. આવું વિચારાય, આવું ન વિચારાય એ નક્કી થાય પછી આ નથી બોલવું એના પર કાબૂ રાખવો તે સંયમ.

અને આ બોલવું છે તો સુંદર રીતે જ બોલવું તે સૌંદર્ય.

આ જેનામાં છે તે આપણાં માટે વંદનીય છે; તેની પૂજા થાય છે. તે પૂજ્ય બને છે.

— પ્રદ્યુમ્નસૂરિ

# ખાનદાની !



(બીજાની નબળાઈ ઢાંકવા ઉપયોગમાં આવેલી બુદ્ધિને જ બુદ્ધિ કહેવાય)

વાત એમ બની હતી કે લગ્નની એક જાન એક ગામડામાંથી બીજે ગામડે ગઈ હતી. શીયાળાના દિવસો હતા. સાંજનો સમય હતો. જાન આવતાવેંત જ આગતા સ્વાગતા સાથે ચા-નાસ્તો થયા જ હતા. રાત પડી અને ઠંડી વધી એટલે જાનૈયાઓને સૂતા પહેલા ચાનો ડોઝ યાદ આવ્યો. વરરાજાના મિત્રો તાનમાં આવીને તરત જ બોલ્યા : ભલે ચા થઈ જાય !

વરરાજાના નાના ભાઈએ જ જાનીવાસમાંથી કહેવરાવ્યું. અરધો કલાક વીત્યો. ચાના કપ-રકાબી ખખડવાના અવાજ પણ ન આવ્યા ! હવે નાનો ભાઈ જાતે જ કન્યાવાળાના ઘેર ગયો. જોયું તો બધા હાથ જોડીને બેઠાં હતાં, કહે કે, દૂધ લેવા બાજુના ગામડે ગયા છે. આવે એટલે ચા મોકલીએ.

નાના ભાઈએ કહ્યું : ભલે દૂધ ન હોય પણ ચા છે, ખાંડ છે, પાણી છે ! બસ, ઘણું બધું થયું. કરોને તૈયારી ! સાથે એક તાસકમાં લીંબુના ચાર-ચાર ફાડીયા મૂકજો.

તૈયારી કરીને ચા મોટી ડોલમાં ઢાંકીને જાનીવાસમાં લઈ ગયા. એમાંથી નીકળતી વરાળથી જ જાનૈયાઓ જાણે ગરમાટો અનુભવવા લાગ્યા !

જાનૈયાઓને કહ્યું : હમણાં હમણાં શહેરમાં સુખી લોકો સ્ફુર્તિ મેળવવા 'બ્લેક ટી' પીએ છે. આ વખતે ખાસ ફ્લેવરવાળી બ્લેક ટી પીઓ ! ગરમાગરમ છે. વળી તેમાં ઈચ્છા પ્રમાણે લીંબુ નીચોવજો, મસ્ત બની જશે.

જાનૈયા આવું નવતર પીણું પીને ખુશ થઈ ગયા !

આમ, સોટી ભાંગી નહીં અને સાપ મર્યો નહીં. જાનૈયા ખુશ થયા અને કન્યાવાળા પણ ખુશ થયા. દૂધ ન હતું તો દૂધ વિનાની ચાથી બધાને રાજી કર્યા.

આનું નામ ખાનદાની. સામા માણસની નબળાઈ ઢાંકે તેવી બુદ્ધિ કેળવજો.

— પ્રદ્યુમ્નસૂરિ

# જિજ્ઞાસા

પ્રશ્ન : પ્રવચનમાં આપના મુખેથી એવું સાંભળ્યાનો ખ્યાલ છે કે, 'આ આમ ન કરવું; આ આમ કરવું...' તો આ બધું આપ લખીને આપો તો દેવ-ગુરુ વિષયક જે ખોટું થતું હોય તે નિવારી શકાય અને ધર્મ વિષયક પણ જે શક્ય હોય તે કરવા તત્પર રહી શકાય. આપ આ બધું એક વાર તો લખો જ લખો.

ઉત્તર : તમારી આવી પ્રબળ જિજ્ઞાસા જાણી લખવાની હિંમત કરું છું. હું પણ રાગ-દ્વેષથી ભરેલો છું, છદ્મસ્થ જીવ છું એટલે શક્ય છે કે હું ખોટો પણ હોઈ શકું. વર્તમાન શ્રાવક/શ્રાવિકાનાં જીવનમાં જે જે હોવું જોઈએ અથવા ન હોવું જોઈએ તે વિષયોને નજર સામે રાખીને જણાવું છું. શરુઆત ક્યાંથી કરીશું ?

❦ પ્રભુજી પ્રત્યે આપણને સહુને અત્યંત રાગ છે. તો પ્રભુજીથી જ શરુ કરીએ. અખાત્રીજના પવિત્ર દિવસે શેરડીના રસનું નૈવેદ્ય ધરાવવું એ પરંપરા ચાલે છે. તો માત્ર એક કળસ વડે આદીશ્વર ભગવંતને અભિષેક કરવો. બાકી ઈક્ષુરસ અગ્રપૂજામાં ધરવો. પ્રભુએ ઈક્ષુરસનું પાન કર્યું હતું, સ્નાન નહીં.

❦ પૂજા માટેની સામગ્રીમાં કેસર બનાવટી આવે છે તેમજ બરાસ પણ સિંથેટિક આવે છે માટે તેનો વપરાશ બંધ કરવો. વિલેપનની પ્રથા જાળવવા શુદ્ધ ચંદન વડે વિલેપન કરવું. પ્રભુ પરમ પવિત્ર છે, તેમને આવી અશુદ્ધ સામગ્રી કેમ અડાડવી ?

❦ પ્રભુજીને પ્રક્ષાલમાં દૂધ અતિઅલ્પ માત્રામાં જ ભેળવવું. પણ છ ઔષધિ અચૂક ભેળવવી : ૧. સુગંધીવાળો, ૨. કેસૂડાંનાં ફૂલ, ૩. કપૂરકાચલી, ૪. ઘઉંલો, ૫. ગંધીલો વજ, ૬. કઠ(ઉપલોટ). પ્રભુભક્તિ છે તો દૂધને બદલે નાની વાટકીમાં શુદ્ધ ઘી લઈ જવું અને આરતી, મંગળદીવો અખંડદીવો વગેરેમાં લાભ લેવો.

❦ પૂજાના વસ્ત્રો પહેર્યા પછી મૌન ધારણ કરવું. સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવન હળવા સ્વરે મધુર રાગ-રાગિણીથી ઉચ્ચારવા. પ્રદક્ષિણાના દુહા, નવઅંગના દુહા, અષ્ટપ્રકારી પૂજાના દુહાથી મનને ભાવિત કરવાનું છે. તેને મોટેથી બોલવાના નથી. ઘંટનાદ પણ વાતાવરણને શોભે તે રીતે કરવો, એનો ઘોંઘાટ ન થવા દેવો.

❦ પૂજાના વસ્ત્રો રંગ-બેરંગી નહીં પરંતુ સફેદ જ રાખવા.

❦ સ્નાત્રપૂજા રોજનું કર્તવ્ય નથી. "સાંભળો કળશ જિન ઓચ્છવ તિહાં" એ પંક્તિ પર વિચાર કરવો.

❦ પ્રભુજીની અંગરચના(આંગી)માં ઊન,સૂતર, મખમલ, રંગબેરંગી દોરા -આવા સામાન્ય દ્રવ્યો ન વાપરવા. રૂપેરી-સોનેરી બાદલો, ઉત્તમ પ્રકારનું કેસર, મઘમઘતાં તાજાં પુષ્પો, શુદ્ધ ઘીના દીવા -આવાં દ્રવ્યો વાપરવા.

❦ અગ્રપૂજા માટે જે પાટલો જાતે લીધો હતો તે ચૈત્યવંદન કર્યા પછી, ચોખા-ફળ-નૈવેદ્યને મુક્કરર સ્થાને પધરાવી પાટલો યથાસ્થાને મૂકવો; પગમાં આવે તેમ રસ્તામાં ન મૂકવો.

❦ દેરાસરમાં પ્રવેશતી વખતે ત્રણ પ્રદક્ષિણા દેવી તથા નીકળતી વખતે એક પ્રદક્ષિણા દેવી. બંને વખતે મૌન અવશ્ય રાખવું.
❦ પ્રભુજીના બિંબમાંથી બહિર્ભાગમાં પ્રકાશિત થતાં નિર્મળ અને પ્રશમ ભાવમય તેજોવલયથી હું વીંટળાઈ રહ્યો છું એવા ભાવથી હૈયું ભરેલું રાખવું.
❦ સામાયિક-પ્રતિક્રમણ કરવા માટે વસ્ત્ર પરિવર્તન ઘરેથી કરીને જ આવવું. છતાં ઉપાશ્રયમાં કરવું પડે તો ભીંત તરફ મોંઢુ કરીને વસ્ત્ર પરિવર્તન કરવા. સામાયિક લીધા પછી સાધૂ ભગવંતોને વંદન કરવા નીકળવું નહીં. સામાયિક લેતી વખતે ઘડિયાળ કાઢીને બાજુ પર મૂકવું. સામાયિકના વસ્ત્રો પહેર્યા પછી સાંસારિક વાતો ન કરવી, મૌન રાખવું.
❦ સામૈયામાં, ચૈત્યપરિપાટીમાં કે રથયાત્રામાં અડવાણે પગે (પગરખાં પહેયા વિના) ચાલવું. જ્યારે પ્રભુજી સાથે હોય કે ગુરુ મહારાજ સાથે હોય ત્યારે પગરખાં પહેરવા ન શોભે.
❦ ગુરુ મહારાજને વન્દન રસ્તામાં ઊભા રાખીને ન કરાય. આસન પર વિરાજમાન હોય, સન્મુખ હોય, પ્રસન્ન હોય ત્યારે આજ્ઞા માંગીને કરવું. બધાં મુનિરાજને મસ્તક જમીનને અડાડીને ન કરી શકાય તેમ હોય તો ઊભાં રહીને બે હાથ જોડીને, 'મથ્થએણ વન્દામિ, સુખશાતામાં છો ? કામ-સેવા ફરમાવશો' એમ વિવેકસભર ઉચ્ચાર કરીને કરી શકાય. પચ્ચખાણ લેવા હોય ત્યારે પહેલાં વન્દન કરીને જ લેવું. માટું તપ આદરવું હોય તો ગહુંલી કરી, ચોખાથી વધાવીને પછી પચ્ચખાણ લેવું; વાસક્ષેપ કરાવવો. બપોરના સમયે તેઓશ્રી આરામ ફરમાવતા હોય ત્યારે માત્ર મસ્તક નમાવી મથ્થએણ વન્દામિ કરીને વિદાય થઈ જવું. ધર્મપ્રશ્ન કરવામાટે બપોરે ત્રણ વાગ્યા પછી જ જવું.

# જિજ્ઞાસા

પ્રશ્ન : પૂજ્ય મહારાજશ્રી ! આપની આજ્ઞા લઈ એક પ્રશ્ન પૂછવા ઈચ્છા થઈ છે. વીતેલા દોઢસો/બસો વર્ષના ગાળામાં આપણાં ધર્મક્રિયામાં ઘણું ઉલટસુલટ થયેલું છે અને એમાં એક દાખલો તો ચોંકાવનારો છે એવું આપે એક પ્રશ્નના ઉત્તરમાં અગાઉ જણાવ્યું હતું. કૃપયા આજે એ વાત પર પ્રકાશ પાડશો તો અમને એ ભૂલ સુધારવાની તક મળશે.
ઉત્તર : તમે ઠીક યાદ રાખ્યું. વાત એમ છે કે પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજે (માત્ર ૩૦૦ વર્ષ પહેલાં) ધર્મસંગ્રહ - ભાગ : એક અને બે - લખીને બહુ મોટો ઉપકાર કર્યો છે. (ગુજરાતી અનુવાદ અને સંક્ષેપ) એમાં લખ્યું છે (ભાગ : ૨ : પૃષ્ઠ ૨૫૨ : પ્રતાકાર) કે :
दैवसिकातीचारालोचनान्तरं मनोवचनकाय सकलातीचार संग्राहकं "सव्व सवि देवसिय" ईत्यादि पठेत्

इच्छाकारेण संदिसह भगवन् इति अनेनान्तरालोचितातिचार प्रायश्चित्तंच मार्गयेत् गुरवश्च पडिक्कमेह इति प्रतिक्रमण रुपं दशविध प्रायश्चिते द्वितीयं प्रायश्चितमय दिशन्ति, तच्च मिथ्यादुष्कृतादि रुपम्॥

આ વાત કરી ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજની એવી જ રીતનો પાઠ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ ગુજરાતીમાં લખ્યું છે - પ્રતિક્રમણ હેતુગર્ભ સજ્ઝાય : ઢાળ : ૩; ગાથા - ૭-૮

"મનવચકાય સકલ અતિચાર, સંગ્રાહક એ છે સુવિચાર
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્, પાયચ્છિત્તસ્ માંગે તપધન : ૭
પડિક્કમેહ ઈતિ ગુરુ પણ ભાખે, પડિક્કમણાખ્યપાતચ્છિતદાખે
સ્વસ્થાનકથી જે બાહિરગમણ, ફિરિ આવે તે છે પડિક્કમણ : ૮

આવા બે પાઠ ચોખ્ખા હોવા છતાં હાલ વર્તમાન પ્રતિક્રમણમાં સવ્વસવિના પાઠમાં पडिक्कमेह બોલતાં સાંભળ્યા નથી. મહેસાણાનાં પુસ્તકમાં પણ નથી. થોડાં આગળ જવું જોઈએ. इच्छाकारेण संदिसह भगवन् पडिक्कमामि ! પછી ઉત્તરમાં पडिक्कमेह આવે તે વ્યાજબી જણાય છે. મમત્વ નથી. આપણે ત્યાંનું પ્રસિદ્ધ વાક્ય છે : तत्त्वंतुकेवलिनो विदन्ति। (અર્થ : આમાં તત્ત્વ શું છે તે કેવળજ્ઞાની જાણે)

હવે તમે કાળની અસર સ્વીકારશો કે વીતેલા ૨૦૦ વર્ષમાં શું ગુમાવ્યું.

# જિજ્ઞાસા

પ્રશ્ન : મેં બાર વ્રતો ગુરુમહારાજના મુખે ઉચ્ચર્યા છે. તેમાં શિક્ષાવ્રતમાં જે દેશાવગાશિકવ્રત છે તે પણ ઉચ્ચર્યું છે; પણ જ્યારે જ્યારે વંદિત્તાસૂત્રમાં રોજ અને પખ્ખી અરિચારમાં પંદર દિવસે જ્યારે મિચ્છામિદુક્કડં દઉં છું ત્યારે મનમાં થાય છે, આ બોલીએ છીએ પણ આ आणवणे पेसवणे -આનયન પ્રયોગ ક્યાં છે ? અમે તો વર્ષમાં એક વાર આઠ સામાયિક ને બે પ્રતિક્રમણ એમ દશ સામાયિક કરીએ છીએ. આમાં તો જે કરીએ છીએ તે વાત નવમાં સામાયિકવ્રતની વાત છે તો દશમાંવ્રતના સ્વરૂપ વિષે કાંઈક પ્રકાશ પાથરો તો અમે સાચી વાત સમજીને શક્ય હોય તો આચરણ કરી શકીએ.

ઉત્તર : છેલ્લાં દોઢસો-બસો વર્ષમાં ઘણી ચીજો અવળી-સવળી થઈ છે. તેમ આ પ્રથા પણ માત્ર બાળકોને ટેવ પડે તે માટે શરુ થઈ હશે; બાકી આ વ્રતને અને દશ સામાયિકને કશું લાગે વળગે નહીં.

આ તો છઠ્ઠા દિક્ પરિમાણવ્રતનો સંક્ષેપ છે. વંદિત્તાસૂત્રમાં અને પખ્ખી અતિચારમાં આવતાં આ દશમાં વ્રતનાં અતિચાર ઉપરથી આચાર જાણવાના અને દશમાં વ્રતની આરાધના કરવી.

એક એકાંત સ્થળમાં બેસીને સ્વાધ્યાય કરવાનો છે, તે સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે : વાચના-પૃચ્છા-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા. આમાં અનુપ્રેક્ષા સ્વાધ્યાય રોજ એકાંતમાં

બેસી પોતાના અવગુણોનું અવલોકન કરવું. આંતર અવલોકન વિના ગુણસમૃદ્ધિની પ્રાપ્તિ થતી નથી; અર્થાત્ આંતર અવલોકનથી અવગુણ જાય છે. અવગુણો તો માટીપગા હોય છે જ્યારે ગુણો સીધાં આત્માના છે, ચૈતન્ય ઉર્જાથી છલકતાં હોય છે. બેસતી વખતે જ સંકલ્પ કરવો કે એક પ્રહર(ત્રણ કલાક) બેસીસ, કે બે પ્રહર બેસીસ.

આ વ્રતને સંઘમાં રોજીંદા જીવનમાં આણવા જેવું છે. શરૂઆત તમારાથી થાય તે ઈચ્છવાજોગ છે.



પર્વાધિરાજના આ દિવસોમાં અર્થ-કામ તરફની દોડમાં થોડી ઓટ આવી હશે. અહીં મૂકેલી ત્રણે જિજ્ઞાસા શાંતિના સમયે વાંચશો. ન સમજાય તે ફરીથી વાંચશો. બે-ત્રણ વારના વાચને જરૂર સમજાશે.

જો આમાં કાંઈ વધુ જાણવાની ઈચ્છા થાય તો પત્ર લખવા સુધીની તકલીફ લેજો. ઉત્તર યથાસંભવ મળશે.

અનિયતકાલીન પત્રિકા તરીકે બાર વર્ષ પહેલાંના ગુરુપૂર્ણિમાનાં શુભ દિવસે શરૂ થયેલ 'પાઠશાળા' બીજાં વર્ષથી જ નિયમીત થઈ દર બે મહિને વાચકોના હાથમાં આવી છે જ. આ "પાઠશાળા" પત્રિકા તમારા આંગણે નિયમીત આવતી રહે છે. સૂર્યના કિરણો આપણને સતત અજવાળતાં રહે છે; પરંતુ ઘરના ખૂણાંને અજવાળવા એક નાનું કોડિયું જ કામમાં આવે છે. એ મુજબ મનનાં અંધારા ખૂણાંને અજવાળવા માટે સાહિત્યના ડુંગર જેવડા ગંજમાંથી કદાચ પણ ન મળે એવી વિચારધારા "પાઠશાળા"માંથી મળતી રહે છે. અમને આશા છે કે આપ પણ "પાઠશાળા"માંથી આ સત્ત્વ મેળવી રહ્યા છો. કેટલાક વાચકોના કાંઈ પણ પ્રતિભાવ અમને આટલાં વર્ષો દરમિયાન એક વાર પણ મળ્યા નથી. એ વાચકોને અંક વ્યવસ્થિત મળતાં હશે એ અમારી કલ્પના છે. આ વાચકોને વિનંતિ કે આ અંક સાથે જવાબી પોસ્ટકાર્ડ મૂકેલ છે; કૃપયા એમાં બે શબ્દ લખી મોકલશો જેથી આપને 'પાઠશાળા'નાં અંકો બરાબર મળે છે એની અમને જાણ રહે. વળી આપને આ વાંચન ઉપયોગી જણાતું હોય તો એનું લવાજમ ભરી અમારા આ કાર્યને વેગવંતુ રાખવા આપનો ફાળો આપવા વિનંતી. લવાજમની વિગત અન્યત્ર છાપેલી છે.

સહુ સુજ્ઞ વાચકોનાં આભાર સાથે 'મિચ્છામિ દુક્કડમ્' અને 'ઈચ્છામિ સુક્કડમ્' --સંપાદક

# “ઈ હંધુય ભૂલી જવાનું”



સાંજનો સમય. સુંદરિયાણા ગામથી બસમાં ચાર પાંચ પેસેંજર ચડ્યા. તેમાં સુઘડ સ્વચ્છ કપડાં પહેરેલા ત્રણ શિક્ષક હતા. સીટ પર ગોઠવાયા. છતાં બાજુની સીટ પર જગ્યા હતી. એક વૃદ્ધ માડી અને તેમનો ત્રણ વર્ષનો પોતરો સાથે હતો. પોતરાને બેસાડવા માટે માડીએ શિક્ષકને રીતસર વિનવ્યા -‘આ દીકરાને બેસવા જરા જગા આપો.’ પણ શિક્ષકોમાં સુપિરિયાલીટી ભર્યો કૉમ્પ્લેક્ષ હતો. ગંદા-ગોબરા દેખાતા છોકરાને બેસાડવા તેઓ હરગીજ તૈયાર ન થયા. વડચકું ભરીને માડીને કહી દીધું -‘ત્યાં જ આઘા ઊભા રહો.’

ધૂળ ઉડાડતી બસ ધોળકા પહોંચી. બસમાંથી બધા ઉતર્યા, ત્રણે શિક્ષકો પણ. બસ સ્ટેન્ડે પૂછ્યું -‘રૂપગઢ જવાનું છે; બસ ક્યારે મળશે ?’ થોડી વારે જવાબ આવ્યો - ‘બસ હવે આવતી કાલે સવારે આવશે.’

ત્રણે જણા એક બીજાના મોંઢા જોવા લાગ્યા. એમનો મૂંઝારો જોઈ, કાંખમાં તેડેલા દીકરા સાથે માડી નજીક આવ્યા. કહે -‘ચિંતા ન કરશો. મારે રૂપગઢ જ જવાનું છે. દીકરો ટ્રેક્ટર લઈને તેડવા આવતો જ હશે.’ માડીના શબ્દોના પડછાયે જ ટ્રેક્ટર આવ્યું. માડી અને પોતરો તો ટ્રેક્ટર ઉપર ચડી ગયા. શિક્ષકો વિમાસણમાં મૂકાયા. જે માડીને બસમાં એક છોકરા માટે જગ્યા માટે આનાકાની કરી હતી તેમનાં વાહનમાં કેમ બેસાય ? માડીએ કહ્યું -‘વયા આવો.’ શરમિંદા બનેલા ત્રણે શિક્ષકો ટ્રેક્ટરમાં ચડ્યા. થોડીવારે રૂપગઢ આવ્યું. માડી તો મોટા મકાનની પડશાળમાં પેઠાં. ચાની રકાબીઓ ફરવા લાગી. માડીએ જ ત્રણે શિક્ષકોને ચા માટે આમંત્ર્યા.

શિક્ષકો ફરી અવઢવમાં ! કેમ જવાય ? માડી પામી ગયા. કહે -‘ઈ હંધુય ભૂલી જવાનું.’ ત્રણે માંડ અંદર ગયા. મને કમને ચા પીધી. ત્રણેના મનમાં અપરાધભાવ હતો.

માડી કહે -‘ચિંતા ન કરો. તમારે જેને ઘરે લૌકિકે જવાનું હોય ત્યાં અમારા ભાઈ પહોંચાડશે. રાત્રે સુવા માટે પણ અહીં જ આવજો. હંધીયે સગવડ છે.’ માડીનો માણસ સાથે ગયો.

કોણ શિક્ષિત ? જે બધું ભૂલીને સદ્વ્યવહાર કરનાર કે આ ત્રણ શિક્ષકો ?

— પ્રદ્યુમ્નસૂરિ

‘પાઠશાળા’ ના આ અંકના સૌજન્યનો સાભાર સ્વીકાર

જ્ઞાન પ્રસારણના સહભાગી

પૂજ્ય શ્રી હેમલતાશ્રીજીના શિષ્યા પૂજ્ય જયતિર્ધરાશ્રીજી સાધ્વીજીશ્રીની ૯૨મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે, પૂજ્ય ધૈર્યમિત્રાશ્રીજીની પ્રેરણાથી

સૌજન્ય : શ્રીમતી ચંપાબેન રમણીકલાલ -ચોકવાળા પરિવાર

પાઠશાળા
પુસ્તક : ૬૮
પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, રમેશ શાહ (સંપાદક)
૭૦૩, નૂતન નિવાસ,ભટાર માર્ગ, સુરત : ૩૯૫ ૦૦૧
Phone: (0261)2240733 & 3054748 Mo: 94271 52203